# <u>ફો.કે.નં.૬૭૩૯/૨૦૧૭</u>

# <u>-: આંક-૧ નીચે હુકમ :-</u>

**૧.** સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ લોકઅદાલતના સ્પે.સીટીંગમાં હાથ પર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે પ્રોહી. એકટની કલમ- ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) ગુનો નોંધાતા, આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ પરંતુ હજુ સુધી પ્રોસીકયુશને આરોપીને સમન્સની બજવણી થવા દીધેલ નથી. હાલના કામે ચાર્જશીટ મુજબ નો ગુનો જોતા આરોપી ઉપર કેફી પીણા પીવાનો ગુનો છે. આરોપીને તા.૨૩/૧૨/૧૬ ના રોજ પકડીને તે જ દિવસે મેડીકલ તપાસ કરી તેમના લોહીનો નમુનો લેવામાં આવેલ હતો, જે નમુનો તા.૩૧/૧૨/૧૬ ના રોજ ફોરેન્સીક લેબમાં મળેલ છે. આમ કાયદા મુજબ સાત દિવસમાં લોહી ચકાસણી અધીકારીને મળવો આવશ્યક છે, પરંતુ હાલના કેસમાં લોહી સાત દિવસમાં ચકાસણી અધીકારીને મળેલ નથી, જેથી આદેશાત્મક જોગવાઇનો ભંગ થયેલ છે. હાલના કેસમાં ફોર્મ "સી" જોતા રૂલ.૪(૨)નો ભંગ થયેલ છે જેથી હાલનું કામ આગળ ચલાવવુ યોગ્ય તથા ન્યાયોચિત જણાતુ નથી.

**3.** ચાર્જશીટ તેમજ રેર્કડ ધ્યાને લીધુ. આરોપી ઉપરના ગુનાના આક્ષેપો ધ્યાને રાખ્યા. સૌપ્રથમ તો ગુજરાત પ્રોહિબીશન સુધારા કાયદો, 2016 તા.19/12/16 થી અમલમાં આવેલ છે, જેમાં કલમ-૮૫ ની સજામાં વધારો કરી ત્રણ વર્ષ સુધીની પરંતુ એક વર્ષથી ઓછી નહીની કેદની સજા અને દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. ક્રીમી. પ્રોસી. કોડની ક.૨ માં વોરંટ ટ્રાયબલ કેસની વ્યાખ્યા મુજબ બે વર્ષ કરતા વધુની સજાપાત્ર ગુનાઓ વોરંટ ટ્રાયબલ કહેવાય. જેથી હાલના કેસમાં ક્રીમી. પ્રોસી. કોડની કલમ-239 લાગુ પડે તેમ છે. જે વંચાણે લેતા **મોકલવામાં આવેલ પોલીસ રિપોર્ટ અને તેની સાથેના દસ્તાવેજોને વિચારણામાં લઇ અને મેજીસ્ટ્રેટને જરૂરી લાગે તે રીતે, આરોપીની... ફરિયાદપક્ષ તથા આરોપીને સાંભળવાની તક આપ્યા પછી, આરોપી વિરૂધ્ધના તહોમતનામાને મેજીસ્ટ્રેટે કારણ વિનાનુ જણાય તો તે આરોપીને છોડી મુકશે અને તેના**

**કારણોની નોંધ કરશે.** આમ હાલનુ કામ વોરંટ ટ્રાયેબલ છે હોય જેથી કેસના રેકર્ડનો અભ્યાસ કરીને જો યોગ્ય લાગે તો આરોપીને ડિસ્ચાર્જ કરી શકાય તેમ છે.

આરોપી ઉપર જે કલમના આક્ષેપો છે તે બાબતે લોહી લેવા માટે ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એક્ષામીનેશન અને બલ્ડ ટેસ્ટ) રૂલ્સ 1959 નો નીયમ–4(2) વંચાણે લેતા **આવુ લોહી લીધાની તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફીસરને મળી જાય તે રીતે... મોકલવુ જોઇશે.** આમ લોહી લીધા તારીખથી સાત દિવસની અંદર મળવી જોઇએ. સાતમાં દિવસે કે તે પછી નહી. રેકંડ જોતા લોહી તા. ૨૩/૧૨/૧૬ ના રોજ લેવામાં આવેલ છે. ત્યાંથી સાત દિવસ ગણતા લોહી વધારેમાં વધારે તા. ૩૦/૧૨/૧૬ સુધી ચકાસણી અધીકારીને મળી જવી જોઇતી હતી પરંતુ ફોર્મ–સી જોતા લોહી તા. ૩૧/૧૨/૧૬ ના રોજ મળેલ છે. આમ લોહી લીધાના _૦૮_ માં દિવસે પૃથ્થકરણ કચેરીને મળેલ છે. આમ પ્રથમ દ્રષ્ટીએ ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એક્ષામીનેશન અને બલ્ડ ટેસ્ટ) રૂલ્સ 1959 નો નીયમ–4(2) નો ભંગ થયેલાનુ જણાય આવે છે. કાયદામાં જયારે કોઇ નીયમ બનાવેલ હોય અને તેનો ભંગ થતો હોય તો તે આરોપીની તર્ફેણમાં હોવાનુ ઠરાવવામાં આવેલ છે. જો સદરહુ કેસ ચલાવવામાં આવે તો કોર્ટનો, સાહેદોનો તેમજ ડોકટરનો સમય બગડે તેમ છે અને છેલ્લે લોહી મોડી પહોંચેલ હોવાના કારણે આરોપીને છોડી મુકવો પડે તેમ છે. ઉપરાંત સદર ટ્રાયલ દરમ્યાન આરોપીને દર મુદતે કોર્ટમાં આવવુ પડે તેમ છે એવુ મારૂ માનવુ છે જેના સમર્થન માટે હું ના. ગુજરાત હાઇકોર્ટે **બાપુજી સાવજી ના કેસ ઉપર આધાર રાખુ છુ. સદરહુ ચુકાદામાં** ઠરાવેલ છે કે લોહી ૭ દિવસમાં પ્રયોગશાળામાં પહોચી જવો જોઇએ. ઉપરાંત ના. ગુજરાત હાઇકોર્ટનો **દલસુખજી વરવાજી વિ. ગુજરાત રાજય 1969 ક્રીમી. લો જરનલ 695** વંચાણે લેતા નીયમ 4 અને 5 ફરજીયાત છે. ઉપરાંત ઘણા ચુકાદાઓ જોતા નીયમના ભંગ બદલ આરોપીને નીર્દોષ છોડવામાં આવેલ છે. આમ જો ટ્રાયલ ચલાવવામાં આવે તો પણ સદર કારણે આરોપીને નીર્દોષ છોડવો પડે તેમ છે જેથી તે લાભ આરોપીને હાલ ક્રીમી. પ્રોસી. કોડની કલમ–239 હેઠળ આપી શકાય તેમ છે. આથી કેસ ચલાવવાથી ફરીયાદપક્ષને કોઇ લાભ થાય તેમ જણાઈ આવતુ નથી. હાલનો કેસ મુખ્યત્વે ફોર્મ એ, બી, સી, લોહી લેવાની પધ્ધતી અને નીયમો તેમજ ડો.ની જુબાની આધારીત છે. સદર પ્રકારના કેસમા ફોર્મ–સી ની ભુમીકા મહત્વની હોય જેમાં સ્પષ્ટ રીતે લોહી

લેવાના નીયમ–૪ નો ભંગ જણાતો હોય તેથી ચાર્જફ્રેમ કરવા માટે કોઇ કારણ જણાતુ નથી. હાલના કેસમાં લોહી લેટ પહોંચી છે તે સ્પષ્ટ છે. આમ પ્રોહી.ની ક.૬૬.૧.બી એટલે કે કેફી પર્દાથનુ સેવન અને ક.૮૫ કેફી પીણા પી જાહેરમાં નીર્લજ રીતે વર્તવુ તે સાબીત કરવા માટે આરોપીના લોહીમાં આલ્કોહોલ હતો તે સાબીત કરવુ અત્યંત જરૂરી છે અને આરોપીના લોહીમાં આલ્કોહોલ હતો તે સાબીત કરવા માટે લોહી લેવાના નીયમોનુ પાલન થવુ જરૂરી છે પરંતુ ફોર્મ–સી થી લોહી લેવાના નીયમોનુ પાલન થયેલ ન હોવાનુ સ્પષ્ટ રીતે સાબીત થાય છે. જે નીયમના ભંગનો લાભ આરોપીને મળે તેમ છે. જેથી હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરવા માટે કોઇ કારણ ન હોય જેથી ન્યાયના હિતમાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– **હુકમ** –

**આરોપીને ક્રીમી. પ્રોસી. કોડની કલમ–239 હેઠળ ડીસ્ચાર્જ કરી છોડી મુકવામાં આવે છે.**

ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજરોજ સ્પે.સીટીંગમાં વાંચી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩

**મુકામ : રાજકોટ.**

**(કે.એન.જોષી)**

**૯માં એડી.જયુડી. મેજી., ફસ્ટ ક્લાસ**

**રાજકોટ,**

**JUDGE CODE: GJ01689**